લઘુમતિ જાતની પ્રિ-મેટ્રીકમાં અભ્યાસ કરતી
કન્યાઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં
વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૪/ ન.બા-૭૪૬/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- [illegible] AUG 2014

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૦/૪/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૧/ ૧૧૫૭/ન.બા./અ.૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૩/૫/૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃવિજાક/શિક્ષણ/ ન.બા./૨૦૧૪-૧૫/૧૧૦૨

<u>ઠ રા વઃ-</u>

લઘુમતિ જાતિની ધોરણ ૫ થી ૭ અને ધોરણ ૮ થી ૧૦ માં અભ્યાસ કરતી કન્યાઓને શિષ્યવૃત્તિ આપવા અંગેની યોજના અમલમાં છે. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના તા. ૧૦/૪/૨૦૧૨ ના ઠરાવથી લઘુમતિ જાતિના ધો. ૫ થી ૮ માં અભ્યાસ કરતી કન્યાઓને રૂ. ૨૫૦/- અને ધોરણ ૯ થી ૧૦ ની કન્યાઓને રૂ. ૪૦૦/- ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા. ૩/૫/૨૦૧૪ ના પત્રથી નવી બાબતની દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે લઘુમતી જાતીની ધો. ૬ થી ૮ ની કન્યાઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ રૂ. ૨૫૦/- થી વધારીને રૂ. ૭૫૦/- કરવા અને ધોરણ ૯ થી ૧૦ ની કન્યાઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ રૂ. ૪૦૦/- માં વધારો કરીને રૂ. ૭૫૦/- કરવાની રૂ. ૫૭.૦૦ લાખની નવી બાબતનો વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન



(૨)

કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશ મેળવી લેવાના રહેશે.

(૮) યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુ જાતિ/અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ , મુખ્ય પેટા સદર-03 પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, (૦૧) બીસીકે-૭૬ .એસ.એસ.સી.પૂર્વેના વિદ્યાર્થીઓ માટે રાજ્ય શિષ્યવૃત્તિ (લઘુમતિ.) સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં )ની તા. ૨૪/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એમ. ભાવસાર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી/જિલ્લા નાયબ નિયામકશ્રીઓ(વિ.જા)(નિયામકશ્રી(વિ.જા)મારફત)
- સેકશન અધિકારીશ્રી, ગ, અ, બ-શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.